# વિકાસના અટકેલા કામો માટે ભાજપની ભ્રષ્ટ રાજનીતિ જવાબદાર

## કમિશનરને પત્ર લખી સામાન્ય સભામાં આ વિકાસ કામો રજુ કરવા રજુઆત કરતી કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મનપામાં ચાલી રહેલા ભાજપના ભ્રષ્ટ વહીવટનો આદર્શ નમૂનો અટવાઈ પડેલા વિકાસકામો હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા અને કાઉન્સીલર અંકિત બારોટે કર્યો છે.

આ બન્ને નેતાઓએ જણાવ્યુ છે કે સ્થાયી સમિતિ નથી તો વિકાસકામો સામાન્યસભામાં રજુ કરી અને તેના પર તંદુરસ્ત ચર્ચા કરી બહાલ રાખી શકાય છે. પરંતુ ભાજપની ભ્રષ્ટ રાજનીતિ કટકી માટે આ બધુ કરતાં અટકાવી રહી છે.

આ નેતાઓએ એવો પણ આક્ષેપ કર્યો છે કે અત્રે વિકાસના કામો અટવાયા છે તેને લઈ તંત્રને વારંવાર રજુઆતો કરી છે. પણ ભાજપની નેતાગીરી જ આ કામોને સામાન્ય સભામાં લાવતા અટકાવી રહી છે. અટવાઈ પડેલા કામોને સામાન્ય સભામાં લઈ આવવા માટે બન્ને કાઉન્સીલરોએ કમિશનરશ્રીને એક પત્ર પણ પાઠવ્યો છે.

આ પત્રમાં આ આગેવાનોએ જણાવ્યુ છે કે હાલ મહાનગરપાલિકાનો મામલો નામદાર હાઈકોર્ટમાં છે પરંતુ સામાન્ય સભા અસ્તિત્વમાં છે. આ કામો સામાન્ય સભામાં આવે તો પ્રજાના કામો ઝડપથી પૂર્ણ કરી શકાય તે માટે અમે કોંગ્રેસ પક્ષ તરીકે આપને રજુઆત કરીએ છીએ કે વિકાસના કામો સામાન્ય સભામાં લઈ તાત્કાલિક અસરથી મંજુર કરી કામ આગળ વધારશો.



શહેરના 'ગ' માર્ગ પર આરટીઓ કચેરીના ગેટ પાસે મોટો ખાડો પડી ગયો છે. આ ખાડામાં કોઈ વાનચાલક પડી ન જાય તે માટે સ્થાનિક નાગરીકોએ આડશ ઉભી કરી છે. પરંતુ ખરેખર આ ગટરનો ખાડો છે, ભારે વાહનો ગટર પર ઉભા રહેતા અને પસાર થતા આ માર્ગ પરની મોટાભાગની ગટરો ખાડામાં તબદીલ થઈ જવા પામી છે.

## એનઆઈસીએમના આંગણે આરોહણનું આયોજન

ગાંધીનગરના આંગણે આવેલા એસજેપીઆઈ એમબીએ કોલેજ ખાતે તા.૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ આરોહણ એક નેશનલ લેવલની મેનેજમેન્ટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગીત-સંગીત, સેલ્ફી, રંગોલી, ફેઈસ પેઈન્ટીંગ, ક્વીઝ, પોસ્ટર મેકીંગ, સલાડ ડેકોરેશન, ટ્રેઝરહંટ, સમર ઈન્ટર્નશીપ પ્રોજેકટ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. જેમાં ગુજરાતભરની વિવિધ કોલેજોના અંડર ગ્રેજ્યુએટ કક્ષાના લગભગ ૮૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનો ભાગ લેશે.

## મણિનગર સહકારી બેંકનું આઈડી પાસવર્ડ હેક કરી લાખો ખંખેર્યા

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં આવેલી મણિનગર નાગરિક સહકારી બેન્કનું સ્ટેટિક આઈપી તથા યુઝર્સ અને પાસવર્ડ હેક કરીને દસ લાખ રૂપિયાનું આરટીજીએસ દ્વારા દિલ્હીની એક કંપનીમાં ટ્રાન્સફર કરી દેવાની ઘટના સામે આવી છે. મણિનગર સહકારી બેન્કમાં સાયબર એટેક થતાં અન્ય બેન્કો માટે પણ ચિંતાનો વિષય બની ગયો છે. હેકર્સે દસ દસ લાખનાં ત્રણ આરટીજીએસ કર્યા હતા. જો કે, એક જ આરટીજીએસ સફળ થયું હતું. મણિનગર પોલીસે સમગ્ર ઘટના અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શહેરના ઈસનપુર વિસ્તારમાં આવેલ ઈશ્વરબાગ સોસાયટીમાં રહેતા અને મણિનગર નાગરિક સહકારી બેન્ક લિમિટેડમાં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરતા કનુભાઈ સોલંકીએ દસ લાખ રૂપિયાનાં ચીટિંગની ફરિયાદ મણિનગર પોલીસ સ્ટેશનમાં કરી છે. જે મુજબ, મણિનગર નાગરિક સહકારી બેન્કનું એકાઉન્ટ એચડીએફસી બેન્કમાં છે. જેથી તમામ ગ્રાહકોના આરટીજીએસ અને એનઈએફટી વગેરે ઓનલાઈન કામ એચડીએફસી મારફતે થાય છે.

# વાઈબ્રન્ટ ગાંધીનગરનું ચાલક બળ એટલે ''ચા ની ચુસ્કી''

સુરતી લોચો, બરોડાનો ચેવડો, નડીયાદી ચવાણું, તેમજ રાજકોટના પેંડા એ શહેરની આગવી ઓળખ બની ગયા છે. તેમ ગાંધીનગર શહેરની ચા પણ ખુબ વખણાય છે. ગાંધીનગર શહેર કર્મચારી નગરી તરીકે જાણીતું હોવાથી પહેલાથી જ ચા ની બોલબાલા રહેવા પામી છે. સમયાંતરે કર્મચારી નગરી તરીકે પ્રચલીત ગાંધીનગર સાંસ્કૃતિક નગરી બની ગયું છે. પરંતુ શહેરની ચા ની ઓળખ યથાવત રહેવા પામી છે. હાલના સમયે પણ ગાંધીનગર શહેર અને ન્યું ગાંધીનગરમાં ૮૦૦ થી વધુ લારીઓ અને ૨૦૦ થી વધુ દુકાનોમાં ચા નો વેપાર ધમધમી રહ્યો છે. શહેરમાં મળતી રૂ. ૨ ની ચા નો ભાવ હાલના સમયે ૨૦ થઈ ગયો છે.ત્યારે કેટલીક આધુનિક ટચ ધરાવતી દુકાનોમાં ચા નો ભાવ રૂ. ૨૫ થી ૩૦ છે. સરકારી અધિકારીઓનું ત્રણથી ચાર હજાર રૂપીયાનું મહિનાનું બજેટ ચા નું હોય છે, તો બીજીતરફ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ પણ મહિને ૧૫૦૦ થી ૨૫૦૦ રૂપીયા ચા પાછળ ખર્ચ કરતા અચકાતા નથી. સરકારી બાબુઓમાં ચા નું ચલણ સૌથી વધુ જોવા મળે છે અને ચા ની કીટલી પર અટકેલી ફાઈલોનો નિકાલ પણ એક કપ ચા ના વ્યવહારમાં થઈ જતો હોય છે,તથા કેટલાક જમીન-મકાન જેવા કરોડોના સોદા કીટલી પર ચા ની મીઠાશ સાથે આટોપાઈ જાય છે. આજનો યુવાવર્ગ પણ ચા પાછળ ઘેલો હોય તેમ નજરે પડે છે. શહેરમાં કટીંગ ચા (અડધી ચા)નું ચલણ વધારે જોવા મળે છે જયારે દિવસમાં વારંવાર જરુર પડતી હોય તેવા ચા ના રસિયાઓ કટીંગ ચા ના પણ બે ભાગ કરી ''હાફ કટીંગ'' ની મજા માણે છે. જયારે ચા ના રસિયાઓ ગાંધીનગરાઓ ચા પીવા માટે પોતાના ફેવરીટ પોઈન્ટ પર જતા હોય છે.









# રોયલ ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા રેલીનું આયોજન

રોયલ ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઠાકોર સમાજમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુંથી તા.૩ ફેબ્રુઆરીને રવિવારના રોજ બપોરે ૧ કલાકે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થઈને વિવિધ વાહનોમાં રેલી નીકળી શહેરમાં વિવિધ સ્થળે ફરીને ચિલોડા એસ.પી.રીસોર્ટ ખાતે સંપન્ન થશે અને સભામાં ફેરવાશે.

ઠાકોર સમાજ શૈક્ષણિક, સામાજીક, તેમજ કુરીવાજો અને રાજકીય જાગૃતિ લાવવાના ઉમદા હેતુંથી રોયલ ઠાકોર સેના દ્વારા આગામી તા. ૩-૨-૧૯ ના રોજ રેલીનું આયોજન કરાયું છે. આ રેલીમાં જોડાયેલા ઠાકોર સમાજના આગેવાનો, કાર્યકરો બાઈક, ગાડીઓમાં બપોરે ૧ કલાકે સત્યાગ્રહ છાવણીથી પ્રસ્થાન થઈને ઘ-૭, ચ-૭ થઈને ચરેડી પાસેથી પસાર થઈને સે-૨૨ પંચદેવ મંદિર તઈ સે-૨૧ શાકમાર્કેટના આંતરીક માર્ગથી પસાર થઈને સે-૨૦ અક્ષરધામ મંદિર, સે-૩૦ સર્કલ થઈને ચિલોડા માર્ગ પર આવેલ એસ.પી.રીસોર્ટ ખાતે સંપન્ન થશે અને ત્યારબાદ સભામાં ફેરવાઈ જશે. આ રેલીમાં અંદાજીત બે થી ત્રણ હજાર ભાઈ બહેનો હાજર રહે તેવી શક્યતા છે. જયારે રેલીમાં ટું-વ્હીલર, થ્રી વ્હીલર સહિત કાર અને ટ્રેક્ટર સહિત ૨૦૦ થી વધુ વાહનો જોડાશે. ત્યારે રોયલ ક્ષત્રિય ઠાકોર સેનાના રમેશભાઈ વિરભણભાઈ ઠાકોર રહે. સેટેલાઈટ પાર્ક, આલોક સીટી સામે, બાવળા-અમદાવાદ, તેમજ એસ.પી.ઠાકોર રહે. ૮૬૧ સરોજબા પેલેસ સે-૮ નાઓએ ગાંધીનગર મામલતદાર કચેરી ખાતે રેલીની પરમિશન માંગી છે. જો તંત્ર દ્વારા આ રેલીને મંજુરી માટે લીલી ઝંડી મળશે તો રેલી યોજાશે નહી તો આ રેલી યોજાશે નહી.


# ૧૦ ટકા અનામતને લઈ વિવિધ ભરતી બોર્ડમાં ભરતીની કામગીરીનું ભારણ વધ્યું

ગાંધીનગર, તા.૩૦

કેન્દ્ર સરકારના ૧૦ ટકા સવર્ણ અનામતના નિર્ણયથી ગુજરાત રાજયમાં કાર્યરત વિવિધ ભરતી માટેના બોર્ડની કામગીરી બેવડાઈ છે. જેથી આ ભરતી બોર્ડમાં કામનું ભારણ વધ્યું છે. વિવિધ ભરતી બોર્ડમાં હાલ મોટાભાગની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે અને માત્ર ૧૦ ટકા અનામતની કામગીરીમાં હાલ અધિકારી-કર્મચારીઓ વ્યસ્ત બન્યા છે.

કેન્દ્ર સરકારે થોડા સમય અગાઉ આર્થિક રીતે નબળા સવર્ણ વર્ગના લોકોને શિક્ષણ અને નોકરીમાં ૧૦ ટકા અનામતનો વિશેષ લાભ આપવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારના નિર્ણયને આવકારતા ગુજરાત રાજયની સરકારે પણ આ અનામતને લાગુ કર્યું છે.

રાજયમાં અનામતની જાહેરાત થતા વિવિધ સરકારી ભરતી માટેના બોર્ડે ભરતીની કામગીરી સંપૂર્ણ સ્થગિત કરી છે. પરિણામે હાલ સરકારી ભરતીમાં મોટા ભાગની કામગીરી બંધ છે. જો કે જે ભરતીમાં આખરી મેરીટ યાદી જાહેર થઈ ગઈ છે અથવા પ્રાથમિક કસોટી લેવાઈ ગઈ છે તે બાબતેની કામગીરી રાબેદા મુજબ કાર્યરત છે પરંતુ રાજયના વિવિધ ભરતી બોર્ડને પોતાની મૂળ કામગીરી સાથે ૧૦ ટકા અનામતની જોગવાઈ મુજબ કેટલી ભરતી પરીક્ષા માટે મોટા સુધારા અને બદલાવ કરવાની ફરજ પડી છે. અગાઉના સમયમાં વિવિધ વિભાગોના માંગણા પત્રકના આધારે જગ્યાઓ પર ભરતી બહાર પાડવામાં આવે છે. જેથી હાલ પરત જિલ્લાઓમાં ૧૦ ટકા અનામતને લઈ સુધારા વધારા માટે મોકલવામાં આવી રહ્યા છે. પત્રકો પરિણામે વિવિધ ભરતી બોર્ડની હાલની કામગીરી બેવડી બની ગઈ છે. જેથી આ બોર્ડમાં કામ કરતા કર્મચારીઓ અધિકારીઓને કામનો બોજો વધી ગયો છે.



## પેન્શનર્સ સમાજનો અમૃત મહોત્સવ યોજાયો

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા 'પેન્શરન્સ ડે' અંતર્ગત વરિષ્ઠ વડિલોને સન્માનવાનો કાર્યક્રમ 'અમૃત મહોત્સવ-૨૦૧૮' તાજેતરમાં કડી કેમ્પસ સ્થિત ખિમજી વિશરામ હોલ ખાતે યોજાઈ ગયો. જેમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળોલા રતિલાલ જોષીનું સન્માન શાલ અને ટેકણ લાકડી આપી કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે રતિલાલ ચીમનલાલ જોષી ધણપ સંસ્કાર તિર્થના નિવૃત્ત આચાર્ય અને ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ચીફ કમિશનર છે તેમજ ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટગાઈડ સંઘની નાંણા સમિતિમાંથી ચુંટાયા હોવા સાથે તેમને પૂર્વ રાજ્યપાલ કમલા બેનીવાલ તથા વર્તમાન રાજ્યપાલ ઓ.પી. કોહલી દ્વારા લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવી ચુક્યા છે. અમૃત મહોત્સવમાં સન્માન બદલ સ્કાઉટગાઈડ સંઘના કાર્યકરો યુવરાજસિંહ વાઘેલા, દુર્ગાબા રાઓલ, અંજનાબેન ચૌધરી, સંતોકબેન ચૌધરી, નીતાબેન શાહ, રાજુભાઈ રબારી, મિનેષ મેકવાન, દક્ષાબેન, એકતાસીંગ, ધીરજબેન, દિયા બારોટ વગેરેએ શુભેચ્છા પાઠવી હતી.

# ભારતમાં સાતત્યપૂર્ણ વિકાસ માટેનું પ્રિન્સિપાલ રિસોર્સ સેન્ટર બનાવવા આઈઆઈટીનો ઉદ્દેશ

## જળ, ઊર્જા અને આબોહવામાં પરિવર્તન અંગે સંશોધન હાથ ધરાશે

ગાંધીનગર, ૩૦

ડૉ. કિરણ સી પટેલ સેન્ટર ફોર સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટને લોંચ કરીને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ભારતમાં સાતત્યપૂર્ણ વિકાસ માટે પરિવર્તન અંગે સંશોધન હાથ ધરશે તેમજ સાતત્યપૂર્ણતા અંગે અગ્રણી નિષ્ણાતો અને સંશોધકોનું સ્થાનિક અને વૈશ્વિક નેટવર્ક પણ વિકસાવશે.

આ સેન્ટર ઉચ્ચ સામુદાયિક ખ્યાતનામ કાર્ડિયોલોજિસ્ટ તેમજ પરોપકારી ડૉ. કિરણ સી પટેલના સખાવતી જોડાણ સાથે સ્થાપવામાં આવી છે.

આ સેન્ટર સાતત્યપૂર્ણ વિકાસ માટે એનજીઓ, સ્થાનિક



પ્રિન્સિપાલ રિસોર્સ સેન્ટર બનવાનો ઉદ્દેશ ધરાવે છે, જે કુશાગ્ર ઈન્ટરડિસિપ્લિનરી રિસર્ચ દ્વારા સ્થાનિક અને વૈશ્વિક ઉકેલોને આગળ ધપાવશે.

તે જળ, પ્રદૂષણ, વેસ્ટ મેનેજમેન્ટ, ઊર્જા, કુદરતી સંસાધનો અને આબોહવામાં મહત્ત્વતાની સાતત્યપૂર્ણતા અને સંલગ્ન પડકારો વિશે સંશોધન કરશે અને પોતાના મજબૂત વ્યાપ તેમજ ટેકનલોજી હસ્તાંતરણ કાર્યક્રમો દ્વારા સાતત્યપૂર્ણ અને ઓછા-ખર્ચાળ ઉપાયોને પ્રોત્સાહિત કરશે. તેને આજે લોંચ કરાયું હતું અને ફ્લોરિડા, યુએસએ સ્થિત સરકારો તેમજ ઉદ્યોગોને ટેકનોલોજીની તબદિલી કરશે તેમજ અને નીતિ ઘડનારા તથા ઉદ્યોગો સાથે સહકાર સાધશે જેથી સાતત્યપૂર્ણતા આડેના પડકારોને ઓળખીને તેને ઉકેલી શકાય. તે બિયારણ ગ્રાન્ટ પૂરી પાડીને

● અનુસંધાન પાના - ૭ પર

# કોલવડા આર્યુવેદિક હોસ્પિટલમાં એક પણ પ્રસૃતિ થઈ નથી

## સ્ટેટ મોડલ હોસ્પિટલમાં પાનકાર્ડના અભાવે એકસ-રે તેમજ સોનોગ્રાફી બંધ હાલતમાં

ગાંધીનગર,તા. ૩૦

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામની સીમમાં સ્ટેટ લેવલની આર્યુવેદિક કોલેજ અને મેડીકલ કોલેજ બનાવવામાં આવી છે. સરકાર દ્વારા કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલી હોસ્પિટલમાં અત્યાર સુધીમાં એક પણ સગર્ભાની ડિલીવરી કરાવવામાં આવી નથી. જયારે સગર્ભા બહેનોની ડિલીવરી માટે ઉચ્ચકક્ષાએથી આદેશ પણ કરવામાં આવ્યો છે. પરંતુ એમ્બ્યુલન્સની સેવા આર્યુવેદિક હોસ્પિટલમાં નહી હોવાથી કોલેજના પ્રારંભથી અત્યાર સુધીમાં એક પણ સગર્ભા બહેનની પ્રસુતી કરાવવામાં આવી નથી. જયારે પાનકાર્ડના કારણે આર્યુવેદિક હોસ્પિટલમાં લાખો રૂપીયાના ખર્ચે વસાવેલા એકસ-રે અને સોનોગ્રાફી મશીનનો ઉપયોગ થવા પામ્યો નથી. ત્યારે આર્યુવેદિક કોલેજ તરફનો વાહન વ્યવહાર નહીંવત રહેતા નાગરીકો આર્યુવેદિક સારવારથી વંચિત રહેવા પામ્યા છે. જયારે અત્યાર સુધીમાં આર્યુવેદિક હોસ્પિટલમાં ૫૮ ટકા દર્દીઓએ જ લાભ લીધો છે.

ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડા ગામમાં રાજયની સૌ પ્રથમ આર્યુવેદિક મેડીકલ કોલેજ અને હોસ્પિટલ આધુનિક ટેકનોલોજીથી સજ્જ બનાવાઈ છે. આર્યુવેદિક હોસ્પિટલ ૧૦૦ બેડની હોવા છતા અહીં મળતી સારવાર દર્દીઓ લઈ શક્યા નથી. અત્યાર સુધીમાં માત્ર ૫૮ ટકા દર્દીઓએ લાભ લીધો છે. જયારે મળતી માહીતી મુજબ સરકારમાંથી ઉચ્ચકક્ષાએથી આર્યુવેદિક હોસ્પિટલમાં પ્રસુતી થાય તે માટે સુચના આપી હતી અને ખુટતા સાધનો માટે દરખાસ્ત મોકલી આપવા પણ જણાવ્યું હતું. ત્યારે કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલી હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની સેવા જ નથી જેને પગલે હોસ્પિટલમાં પ્રસુતી થઈ શકતી નથી. તો બીજી તરફ રોગી કલ્યાણ સમિતિ માટે પાનકાર્ડ તૈયાર ન હોવાથી એકસ-રે તેમજ સોનોગ્રાફી મશીનની સેવા દર્દીઓને મળવા પામી નથી. ત્યારે આ મોડેલરુપ આર્યુવેદિક કોલેજ અને હોસ્પિટલનો વિકાસ થાય તે જરુરી છે.

# સહજાનંદ સ્કૂલ ઓફ અચિવરના તેજસ્વી ખેલાડીઓનું સન્માન

ગાંધીનગર, તા. ૩૦

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સે. ૧૧ ખાતે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાજરી આપી હતી. કાર્યક્રમમાં તેમના હસ્તે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં કુડાસણની સ્કૂલ ઓફ અચિવરની વિદ્યાર્થીનીઓને તેમની રમતગમત ક્ષેત્રની સિદ્ધિ માટે નાયબ મુખ્યમંત્રીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ તેજસ્વી ખેલાડીઓમાં દેવાંશી પટેલ, જીલ કાકડિયા, હેલી શાહનો સમાવેશ થાય છે. આ ત્રણેય વિદ્યાર્થીનીઓએ હાલમાં નેશનલ લેવલની રોલ બોલ સ્પર્ધામાં તૃતીય ક્રમાંક મેળવ્યો છે તથા સ્કૂલગેમની સ્પર્ધામાં રાજ્યકક્ષાએ પણ પ્રથમ નંબર મેળવ્યો છે. તેમના કોચ ભાર્ગવ આયરના જણાવ્યા અનુસાર છેલ્લા ઘણા વર્ષોથી આ ત્રણેય ખેલાડીઓ રાજ્ય તેમજ રાષ્ટ્રીયકક્ષાએ આગળ પહોચે છે અને મહેનત કરે છે. શાળા દ્વારા વિદ્યાર્થીનીઓ આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીયકક્ષાએ પસંદગી પામી આગળ વધતી રહે તેવી શુભેચ્છા પણ તેમણે પાઠવી હતી.

## સહકારી બેંક ફેડરેશન દ્વારા યોજાયો સહકાર રમતોત્સવ

ધી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ બેંક લી. તથા ગુજરાત અર્બન કો.ઓ. બેંક્સ ફેડરેશન દ્વારા સહકારી બેંકિંગ સેકટરમાં બેંકો વચ્ચે ભાતૃભાવ જળવાય, એકબીજાની નજીક આવે, મદદરૂપ થાય તે માટે અને પોત પોતાનું પ્રાઉડફીલ કરે તેવી ટીમ ભાવના વિકસે તે માટે રાજ્યની ટોચની રાજ્ય સહકારી બેંક તથા અર્બન બેંક્સ ફેડરેશન દ્વારા બેંકોમાં સહકારીકતાનો સેતુ ઉભો થાય અને બેંકોના નાના મોટા પ્રશ્નોના નિરાકરણ થાય તે માટે તાજેતરમાં પ્રથમ જ વાર 'સહકાર રમતોત્સવ-૨૦૧૮-૧૯' અંતર્ગત 'એડીસી કપ' હેઠળ જુદી જુદી રમતોનું આયોજન કરાયું હતું. આ રમતોત્સવમાં ક્રિકેટ, કબડ્ડી, ચેસ, કેરમ અને ટેબલ ટેનિસ જેવી રમતો રમાઈ હતી. ઈન્ડોર ગેઈમ્સ જી.એસ.સી. બેંક ખાતે તથા ક્રિકેટ ટુર્નામેન્ટ એચ.એલ. કોમર્સ કોલેજ, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.





ગાંધીનગરના સેક્ટર-૬ સ્થિત ચંદ્રમૌલેશ્વર મહાદેવના મંદિરના પ્રાંગણમાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે 'ગાંધી કથા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ડિયન લાયન્સ એન્ડ લાયોનેસ સ્વર્ણિમના કુંપલબેન દવે તથા શિલ્પાબેન દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતા. વક્તા કનુભાઈ દવે દ્વારા આ ૨૧મી શ્રી ગાંધી કથામાં માનવસેવા મંડળ, પેન્શનર્સ સમાજ સે. ૬, મીરા ભજન મંડળ, શિવ ભજન મંડળ વગેરેનો સહકાર પ્રાપ્ત થયો હતો. કથાના પ્રારંભે પ્રતિભાબેન દવેએ શહીદગીત 'અય મેરે વતન કે લોગો' ગાયું હતુ તથા સમગ્ર કથા દરમ્યાન કંદર્પ ત્રિવેદી અને સ્નેહ સોલંકીએ સંગીત પીરસ્યું હતું.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૧૪/૨૦૧૮-૧૯**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા બિલ્ડીંગ, પુલ અને રસ્તાના કામ જેની અંદાજીત કિંમત ૬.૫૭ થી ૨૫૩.૯૭ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨/૨/૨૦૧૯ થી ૧૪/૨/૨૦૧૯ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

**માહિતી/હિંમત/૫૪૪/૧૯**